**નામ :– શ્રીયા ભાસ્કરરાય થાનકી**

**વિષય :–** Elective-1 Accounting-4

**F.Y.B.Com. – Sem. 4**

## Unit : 1 સામાન્ય વીમાં કંપનીના હિસાબો (માત્ર મહેસૂલી ખાતું)

### ૧.૧ પ્રાસ્તાવિક – અર્થ અને વીમાના પ્રકારો

જીવનવીમાં સિવાયના બધા જ વીમાં સામાન્ય ગણાય છે. જોખમ અને અનિશ્ચિતતા સામે રક્ષણ મેળવવા માટે વીમાનો ખ્યાલ આજે મહત્વનો બન્યો છે.

હિસાબી દષ્ટિએ વીમાના મુખ્ય બે પ્રકાર પડે છે : (૧) જીવન વીમો અને (૨) સામાન્ય વીમો.

અમુક ચોક્કસ પ્રકારના જોખમથી ઊભા થતા આર્થિક નુકશાનને ભરપાઈ કરી આપવાની વ્યવસ્થાને 'વીમો' કહે છે.

### ૧.૨ વ્યાવહારિક પ્રશ્નો ગણતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો :

– સૌ પ્રથમ પ્રશ્નમાં આપેલી વીગતોને વાંચી તેની નોંધ માટે મહેસૂલી પત્રક બનાવો.

– મહેસૂલી પત્રક સિવાય મુખ્યત્વે ચાર પરિશિષ્ટ બનાવવા, જે નમૂના તરીકે દર્શાવ્યા છે.

– મહેસૂલી ખાતામાં ચાલુ (બાકી) જોખમની જોગવાઈમાં ફેરફાર જરૂરી ગણતરી કરીને દર્શાવાશે.

## ફોર્મ બી.આર. એ.

વીમાં કંપનીનું નામ :

IRDA સાથેનો રજિ. નં. અને રજિ. તારીખ

તા. ............. ના રોજ પૂરાં થતાં વર્ષનું જે – તે
વિભાગનું મહેસુલી પત્રક

| ક્રમ | વિગત | પરિશિષ્ટ નંબર | પાછલું વર્ષ રૂ. | ચાલું વર્ષ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | ચોખ્ખુ કમાયેલું પ્રિમિયમ | ૧ | | |
| ૨. | અન્ય (વીગત જણાવવી) | | | |
| ૩. | ચાલુ જોખમ બાકી માટેની જોગવાઈમાં ફેરફાર | | | |
| ૪. | વ્યાજ, ડિવિન્ડ ,ભાડું (કુલ) | | | |
| | કુલ(A) | | | |
| | | | | |
| ૧. | ચૂકવેલ દાવાઓ (ચોખ્ખા) | ૨ | | |
| ૨. | કમિશન | ૩ | | |
| ૩. | વીમાને ધંધાને લગતા કામગીરી (વહીવટી) ખર્ચા | ૪ | | |
| ૪. | અન્ય (વીગત જણાવવી) | | | |
| | કુલ(B) | | | |
| | | | | |
| | કામગીરી નફો / ખોટ (આગ, દરિયાઈ કે સામાન્ય વીમાનો) | | | |

### પરિશિષ્ટ –૧
### ચોખ્ખું કમાયેલ પ્રિમિયમ

| વીગત | ચાલુવર્ષ રૂ. | પાછલું વર્ષ રૂ. |
|---|---|---|
| સીધા ધંધાનું મળેલ પ્રિમિયમ<br>ઉમેરો : સ્વીકારેલ પુનઃવીમા પ્રિમિયમ<br>બાદ : આપેલ પુનઃ વીમાનું પ્રિમિયમ<br>કુલ ચોખ્ખું મળેલ પ્રિમિ. | | |
| સંબંધિત ધંધામાંથી પ્રિમિયમની આવક :<br>ભારતમાંથી પ્રિમિયમની આવક<br>વિદેશમાંથી પ્રિમિયમની આવક<br>કુલ ચોખ્ખું મળેલ પ્રિમિ. | | |

## પરિશિષ્ટ – ૨

### સ્વીકારેલ ચોખ્ખા દાવા

| વીગત | ચાલુવર્ષ રૂ. | પાછલું વર્ષ રૂ. |
|---|---|---|
| ચૂકવેલ દાવા : | | |
| સીધા ધંધા પર | | |
| ઉમેરો : સ્વીકારેલ પુનઃવીમા પર | | |
| બાદ : આપેલ પુનઃ વીમાનું પર | | |
| ચોખ્ખા ચૂકવેલ દાવાઓ | | |
| ચૂકવેલ કૂલ દાવાઓ | | |
| દાવા કરનારને ચૂકવેલ દાવાઓ | | |
| ભારતમાં | | |
| ભારત બહાર | | |
| કૂલ દાવાઓ | | |

## પરિશિષ્ટ – ૩

### કમિશન

| વીગત | ચાલુવર્ષ રૂ. | પાછલું વર્ષ રૂ. |
|---|---|---|
| ચૂકવેલ દાવા : | | |
| સીધા ધંધા પર | | |
| ઉમેરો : સ્વીકારેલ પુનઃવીમા પર | | |
| બાદ : આપેલ પુનઃ વીમાનું પર | | |
| ચોખ્ખું કમિશન | | |

## પરિશિષ્ટ – ૪

## વિમાના ધંધાને લગતા ખર્ચા

| વીગત | ચાલુવર્ષ રૂ. | પાછલું વર્ષ રૂ. |
|---|---|---|
| (૧) કર્મચારી મહેનતાણું અને મદદકારી લાભો | | |
| (૨) સંચાલકીય મહેનતાણું | | |
| (૩) સફર, વાહન અને વાહન ચલાવવાના ખર્ચ | | |
| (૪) ભાડું, કિંમત અને કરવેરા | | |
| (૫) સમારકામ | | |
| (૬) છપામણી અને સ્ટેશનરી | | |
| (૭) સંચાર | | |
| (૮) કાયદાકીય અને વ્યાવસાયિક ખર્ચ | | |
| (૯) મેડિકલ ફી | | |
| (૧૦) ઓડિટર ફી, ખર્ચા વગેરે<br>(A) ઓડિટર તરીકે<br>(B) સલાહકારના અથવા અન્ય બાબતે :<br>(i) કરવેરા અંગે<br>(ii) વીમાં અંગે<br>(iii) સંચાલન સેવા અંગે<br>(C) અન્ય કોઈ સ્વરૂપે | | |
| (૧૧) જાહેરાત અને પ્રસિદ્ધિ | | |
| (૧૨) વ્યાજ અને બેન્ક ચાર્જિસ | | |
| (૧૩) અન્ય ( વિગત જણાવવી) | | |
| (૧૪) ઘસારો | | |
| કુલ | | |

– **અગત્યની નોંધ :**

(૧) દાવાની રકમમાં મળેલ પરંતુ નહિ નોંધાયેલ તથા મળેલ પરંતુ પૂરેપૂરા નહિ નોંધાયેલ બંનેનો સમાવેશ કરવાનો રહેશે.

(૨) દાવામાં દાવાની પતાવટના ખર્ચાઓનો પણ સમાવેશ થશે.

(૩) સર્વેયરની ફી, કાનૂની ખર્ચા તથા અન્ય ખર્ચ દાવાના ખર્ચમાં સમાવવાના રહેશે.

(૪) અન્ય આવકમાં ઈન્કમટેક્ષ રિફંડ વગેરેનો સમાવેશ થાય છે.

## Unit : 2 નાદારીનાં હિસાબો (1920 નાં ધી પ્રોવિન્શિયલ ઈન્સોલ્વન્સી એક્ટ મુજબ)

### ૨.૧ પ્રાસ્તાવિક – અર્થ (નાદારી અને નાદાર)

"જે વ્યક્તિ પોતાનું દેવું પૂરેપૂરૂં ચૂકવી શકે તેમ ન હોય એટલે કે જેની મિલકત તેનું દેવું ચૂકવવા પૂરતી ન હોય તેને 'નાદાર' કહે છે." આ પ્રકારે વ્યક્તિને કોર્ટ નાદાર જાહેર કરે ત્યારે તેણે નાદારી નોંધાવી છે તેમ કહેવાય.

### ૨.૨ નાદારીના કાયદાની કેટલીક જોગવાઈઓ

**(૧) સ્વૈચ્છિક ફેરફાર :** કોઈ નાદાર અપ્રમાણિકતા અને કપટથી પોતાની મિલકત મિત્રો કે સગાસંબંધીઓને નામે ફેરબદલી કરી લેણદારોને નુકશાન પહોંચાડે તે શક્ય હોવાથી આવી ફેરબદલી રદ કરવાની જોગવાઈ છે.

**(૨) કપટયુક્ત પસંદગી :** નાદાર અન્ય લેણદારોને ભાગે કોઈ એક યા વધું લેણદારોની તરફેણમાં મિલકતની ફેરબદલી કરે તો તે કપટયુક્ત પસંદગી કહેવાય અને રદબાતલ કરી શકાય.

### ૨.૩ નાદારીના હિસાબો માટેનાં વ્યવહારિક પ્રશ્નો ગણતી વખતે તૈયાર કરવાનાં પત્રક તેમજ ખાતાં.

જ્યારે કોઈ વ્યક્તિ નાદાર જાહેર થાય ત્યારે તે વ્યક્તિ કે પેઢીને તેની આર્થિક પરિસ્થિતિ દર્શાવતું પત્રક બનાવવું પડે છે. જે પત્રક નીચે મુજબનું રહેશે.

**શ્રી ................નું તા. .............. ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| કુલ દેવાં રૂ. | દેવાં (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકતો (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઊપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | લિસ્ટ – A બિનસલામત<br>લેણદારો | | લિસ્ટ –E (મિલકતો)<br>રોકડ – બેન્ક<br>જમીન – મકાન | | |
| | લિસ્ટ – B<br>સંપૂર્ણ સલામત<br>લેણદારો<br>બાદ : ગીરો<br>જમીન ગીરીની ઊપજ<br>વધારો<br>બાદ : લિસ્ટ – C ખાતે<br>લઈ ગયા તે<br><br>બાદ : સામે લઈ ગયા | | સાંચા – યંત્ર<br>કર્નિચર<br>સ્ટોક<br>કંપની લિ. ના શેર્સ<br>જીવન – વીમાં પોલિસી<br>અન્ય મિલકતો<br>લિસ્ટ – E નો સરવાળો<br><br>લિસ્ટ – F : (દેવાદારો)<br>સદ્ધર | | |
| | લિસ્ટ – C<br>અપૂર્ણ સલામત<br>લેણદારો<br>બાદ : જામીનગીરીની<br>ઊપજવા ધારેલ કિંમત<br><br>બાદ : વધારો લિસ્ટ – B<br>માંથી લાવ્યા. | | સંશયિત<br>ડૂબેલા<br><br>લિસ્ટ – બ : (લેણીહૂંડી)<br><br>ઉમેરો : લિસ્ટ – B મુજબ<br>વધારો લાવ્યા.<br><br>બાદ : નાદરી ખર્ચ | | |
| | લિસ્ટ – D પસંદગીના<br>લેણદારો<br>(કરવેરા, મજૂરી વગેરે)<br>બાદ : સામે દર્શાવ્યા<br>મુજબ | | <br>બાદ : સામે દર્શાવ્યા<br>મુજબ પસંદગીના<br>લેણદારો<br><br>લિસ્ટ – H માં દર્શાવ્યા<br>મુજબ તૂટ | | |

– **તૂટ ખાતાંનો નમૂનો :**

**તૂટ ખાતું**

| **વીગત** | **રૂ.** | **વીગત** | **રૂ.** |
|---|---|---|---|
| શરૂઆતની મૂડી | | …… ના રોજથી | |
| ધંધાનો ચોખ્ખો નફો | | નાદારીના હુકમથી | |
| મૂડી પર વ્યાજ મિલકતની ઊપજનો વધારો (નફો) | | ચોખ્ખી ખોટ લિસ્ટ – F મુજબ ઘાલખાધ | |
| અંગત મિલકતોનો વધારો | | …… ના રોજ રોજથી ધંધા સિવાયના ખર્ચા (ઉપાડ) | |
| બીજા સાધનોની આવક કે નફો | | મિલકતોની ઊપજમાં થયેલ ખોટ | |
| અન્ય હવાલા | | હૂંડી નકરાવાની ખોટ અંગત દેવા | |
| તૂટઃલિસ્ટ – H મુજબ | | રિસિવર ખર્ચ નાદારી ખર્ચ | |
| | | | |
| | | | |

## Unit : 3 આગળનાં દાવાનં હિસાબો (સ્ટોકની વીમાં પોલિસી હેઠળનાં)

### ૩.૧ પ્રાસ્તાવિક – અર્થ

આગથી વેપાર – ધંધાનો માલ નાશ પામે છે અને જે માલ બચાવી લેવાય તેને પણ ખોટથી વેચવો પડે છે. તેથી વેપારીઓ આગના જોખમ સામે વીમો ઉતરાવે છે. આ વીમો ધંધાની વિવિધ મિલકતો કે પછી માલસ્ટોક પર હોઈ શકે. સ્ટોકના દાવા માટે આગ લાગી ત્યારે ત્યારે દુકાનમાં, કારખાનામાં કે ગોડાઉનમાં કેટલી રકમનો માલ સ્ટોકમાં હતો તે જાણવાનું મુશ્કેલ બને છે પરંતુ રૂઢિગત સંચાલન કરતી પેઢીઓ પાસે આ પ્રકારનાં વ્યવસ્થિત હિસાબી ડેટા ઓછા હોવાથી આગના દાવાની રકમ માટેનાં હિસાબો ગણવા પડે છે.

### ૩.૨ એવરેજ ક્લોઝ

જયારે વીમો ઉતરાવનારે પોતાની મિલકતની ખરેખર કિંમત કરતાં ઓછી રકમનો વીમો લીધો હોય ત્યારે આગને લીધે તે મિલકત પૂરેપૂરી બળી જાય તો પણ વીમાં કંપની વીમો લીધો હોય તેટલી રકમ જેટલું જ વળતર ચૂકવે છે. અર્થાત્ ઓછી કિંમતનો વીમો લીધો હતો, તેનું નુકશાન વીમાં કંપની ચૂકવે નહિ, તે નુકસાન વીમો ઉતરાવનાર વેપારીએ જાતે જ ભોગવવું પડે છે.

### ૩.૩ વ્યાવહારિક પ્રશ્નો માટે જરૂરી સ્ટોક પત્રક તથા વેપાર ખાતાંનો નમૂનો

**સ્ટોક પત્રકનો નમૂનો**

| વીગત | રૂ. | રૂ. |
|---|---|---|
| વર્ષનો શરૂનો સ્ટોક | | |
| ઉમેરો : આગ લાગ્યા તારીખ સુધીની | | |
| ચોખ્ખી ખરીદી (કુલ ખરીદપરત બાદ) | | |
| ઉમેરો : ખરીદીને લગતાં ખર્ચા | | |
| બાદ : આગ લાગ્યા તારીખ સુધીનું | | |
| ચોખ્ખું વેચાણ (કુલ વેચાણ બાદ પરત) | | |
| બાદ : કાચો નફો | | |
| | | |
| બાદ : અન્ય રીતે ગયેલ માલ (પડતર કિંમતે) | | |
| | | |
| આગ લાગ્યા તારીખે ગોડાઉનમાં માલ | | |
| બાદ : બચાવી લીધેલ માલ | | |
| આગથી બળી ગયેલ માલની કિંમત | | |

## કાચા વેપાર ખાતાંનો નમૂનો

**ઉધાર** **જમાં**

| વીગત | રૂ. | વીગત | રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | વેચાણ | |
| ખરીદી | | બાદ:પરત | |
| બાદ:પરત | | નમૂનાથી ગયેલ માલ | |
| ખરીદીનાં ખર્ચા : | | ધર્માદાથી ગયેલ માલ | |
| મજૂરી | | ઉપાડથી ગયેલ માલ | |
| નૂર | | ચોરીથી ગયેલ માલ | |
| જકાત | | આખરસ્ટોક | |
| આવક ગાડા ભાડું | | | |
| | | કાચી ખોટ | |
| કાચો નફો | | | |
| | | | |
| | | | |

– **વ્યાવહારિક પ્રશ્નો ગણતરી કરતી વખતે ધ્યાનમાં લેવાનાં મહત્વના મુદ્દાઓ :**

(૧) વેપાર ખાતામાં કાચો નફો અમૂક ટકાના દરે શોધી કાઢી લખવામાં આવે છે. "કાચા નફાનો દર" શબ્દનો અર્થ એ છે કે વેચાણકિંમતનાં અમુક ટકા કાચો નફો.

(૨) કાચો નફો મૂળકિંમતના અમુક ટકાના દરે આપવામાં આવેલો હોય અને પ્રશ્નોમાં માલનું વેચાણ આપેલ હોય ત્યારે ગણતરી કરવા માટે પ્રથમ મૂળકિંમત ૧૦૦ ધારવામાં આવે છે તેમાં સૂચવેલ ટકા નફો ઉમેરવો. તેથી ધારેલી વેચાણકિંમત મળે છે. હવે તે ધારેલી વેચાણકિંમતનો આધાર લઈ કાચો નફો નક્કી કરવો જરૂરી છે.

(૩) જો પ્રશ્નમાં કાચા નફાનો દર કોઈ પણ રીતે આપેલ ન હોય તો ગઈ સાલનું વેપાર ખાતું બનાવી કાચો નફો શોધવો. ત્યારબાદ તેની ટકાવારી નક્કી કરવી. આગ લાગ્યા તારીખ સુધીના સમયના વેપાર ખાતામાં વેચાણ પર આ દર લાગું પાડી કાચો નફો શોધી ઉધાર બાજુ લખવો.

(૪) જયારે બે કે તેથી વધારે વર્ષોની માહિતી આગ લાગ્યા તારીખની આગળના નાણાકીય વર્ષોમાં હોય ત્યારે સરેરાશ કાચા નફાનો દર શોધવો.

(૫) ચાલુ વર્ષનો શરૂનો સ્ટોક ગઈ સાલનો આખરસ્ટોક હશે તે જ રીતે ચાલુ વર્ષનો આખરસ્ટોક પછીના વર્ષે શરૂનો સ્ટોક થશે.

(૬) વાજબી નફા દર નક્કી કરવામાં સ્ટોક મૂળકિંમતે જ દર્શાવવો જરૂરી હોઈ સ્ટોકની વધું કે ઓછી નહિ પણ મૂળકિંમત જ ધ્યાને રાખવી.

(૭) કોઈ પણ કારણસર સામાન્ય વેચાણ ન નોંધ્યું હોય તો નોંધવું અને રોકડ ઉચાપત વેચાણમાં ઉમેરવી.

(૮) વેચાણ પર કાચા નફાનો દર દરેક વર્ષે ઘટતો હોય તો છેલ્લા વર્ષનો દર ધ્યાનમાં લેવો.

(૯) જો કાચા નફાનો દર દરેક વર્ષે વધતો હોય તો ભારિત સરેરાશ શોધવી.

(૧૦) જો કાચા નફાનો દર સતત એકસરખા પ્રમાણની ટકાવારી મુજબ વધતો જતો હોય તો છેલ્લા વર્ષની ટકાવારીમાં તેટલો ઉમેરો કરી કાચા નફાનો દર લાગું પાડવો.

(૧૧) એવરેજ ક્લોઝ મુજબ $= \frac{\text{ખરેખર નુક્સાન} \times \text{વિમા પોલિસી}}{\text{સ્ટોકની મૂળકિમત}}$

(૧૨) વધુ રકમનો વીમો ઉતરાવેલ હોય અને ઊંચું પ્રિમિયમ ભરેલ હોવા છતાં વીમાં કંપની ખરેખર નુકશાની જેટલો જ દાવો મંજૂર કરશે.

(૧૩) ઓછી કિંમતના વીમાં વખતે એવરેજ ક્લોઝ લાગું પડશે.

(૧૪) આગ બુઝાવવા અને માલ બચાવવા અંગેનું ખર્ચ વીમાં કંપની દાવા પેટે માન્ય હોઈ તે સ્ટોકના દાવાની રકમમાં ઉમેરાશે.

## Unit : 4 પારિમાણિક નુકશાનની પોલિસી હેઠળ આગનાં દાવાના હિસાબો

### ૪.૧ પારિમાણિક નુકશાનની પોલિસીનો અર્થ

જયારે આગ લાગે ત્યારે જે માલસ્ટોક અને અન્ય મિલકતોનું નુકશાન થાય છે તેની સામે વીમાની રકમ વળતર તરીકે મળે છે. પરંતુ આગ લાગે તે તારીખથી જેટલાં સમય ધંધો બંધ રહે ત્યાં સુધી જે નફો થઈ શક્યો હોત તેનું નુકશાન જાય છે. આથી આ "નફાના નુકશાન" અંગેની વીમા પોલિસીને નફાના નુકશાનની પોલિસી કે પારિમાણિક નુકશાન પોલિસી કહે છે.

### ૪.૨ નફાના નુકશાનની પોલિસી પર દાવાની રકમ ગણતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો :

**(૧) ગુમાવેલું / ખોવાયેલું વેચાણ શોધવું**

ગયા વર્ષના બાંહેધરી સમયનું વેચાણ
બાદ : સંભવિત વેચાણ ઘટાડો
ઉમેરો : સંભવિત વેચાણ વધારો

બાદ : આગ લાગ્યા વર્ષે બાંહેધરી સમયનું વેચાણ
આગથી ગુમાવેલું વેચાણ

– આગના વર્ષના બાંહેધરી સમયના વેચાણમાં ટકાવારી વધઘટ ઉમેરાય કે બાદ ન થાય તે ખાસ ધ્યાને લો.

**(૨) નફાનો દર શોધવો.**

$$\text{નફાનો દર} = \frac{\text{ગયા વર્ષનો ચોખો નફો + ગયા વર્ષના સ્થિર ખર્ચા}}{\text{ગયા વર્ષનુ વેચાણ}} \times 100$$

$$\text{આવરી લેવાયેલ નફાનો દર} = \frac{\text{વિમા પોલિસીની રકમ}}{\text{આગ લાગ્યા તારીખે પૂરા થતા બાર માસનુ વેચાણ}} \times 100$$

ઉપરોક્ત બંનેમાંથી જે ઓછી ટકાવારી હોય તે ગુમાવેલા વેચાણને લાગુ પાડી દાવાની રકમ ગણાશે.

નફાનો દર નીચો હોય તો મતલબ પોલિસી વધુ રકમની છે પરંતુ ખરેખર નુકશાન નીચો દર બતાવે છે તેથી તે જ મળે. જો આવરી લેવાયેલ દર નીચો આવે મતલબ કે ધંધામાં ખરેખર નફાનો દર ઊંચો છે પણ પ્રિમિયમ બચાવવા પોલિસી ઓછી રકમની લીધી છે, તેથી ઓછા દરે જ દાવો મળે.

**(૩) દાવાની રકમ નક્કી કરવી.**

$$\text{દાવાની રકમ} = \frac{\text{ગુમાવેલુ વેચણ} \times \text{ઓછી ટ્કાવારી}}{100}$$

જો દાવા અંગે વધારાના અન્ય ખર્ચા હોય તો તે દાવાની રકમમાં ઉમેરાશે. દા.ત. આગ બુઝાવવાના ખર્ચા, વેચાણ ઘટાડો અટકાવવાના ખર્ચ

**(૪) સ્થિર ખર્ચમાં ઘટાડો :**

જો બાંયધરી સમય દરમિયાન સ્થિર ખર્ચામાં અમુક 'ઘટાડો' કરી શકાય તો બચાવેલા સ્થિર ખર્ચની અમુક રકમ વીમા કંપની મજરે આપે છે.

$$\text{મજરે આપવાની રકમ} = \text{બચવેલ સ્થિર ખર્ચ} \times \frac{\text{વીમા પોલિસીની રકમ}}{\text{ચો.નફો+સ્થિર ખર્ચ}}$$

**૪.૩ આગ પછી નુકશાન કે નાશ પામેલ મિલક્તોનાં ખાતાં બંધ રવાની આમનોંધ**

**(૧) કાયમી મિલક્તોના દાવા :**

(i) યંત્રો, મકાન, ફર્નિચર જેવી કાયમી મિલક્તોનો પૂરો દાવો મળે ત્યારે :

વીમા કંપની ખાતે ઉ.(મંજૂર થયેલ દાવાની રકમ)

તે મિલકત ખાતે

(ii) મિલકતની ચોપડાકિંમત કરતા ઓછો દાવો સ્વીકારે અને નુકશાન થાય :

વીમા કંપની ખાતે ઉ.(દાવાની રકમ)

આગથી નુકશાન ખાતે ઉ.(ચોપડે કિંમત દાવાની રકમ)

તે મિલકત ખાતે (મિલકતની ચોપડાકિંમત)

(iii) ચોપડાકિંમત કરતાં વધુ રકમનો દાવો સ્વીકારાય ત્યારે :

વીમા કંપની ખાતે ઉ.(દાવાની રકમ)

તે મિલકત ખાતે

મિલકત ખાતે ઉ.

તે આગથી નુકશાન ખાતે

**(૨) સ્ટોકના દાવાની આમનોંધ :**

(i) વીમાં કંપનીખાતે ઉ.

તે આગથી નાશ પામેલ સ્ટોક ખાતે

તે આગથી નુકશાન પામેલ સ્ટોક ખાતે

(ii) કાચો નફો શોધવા સ્ટોકને વેપાર ખાતે લઈ જવાય ત્યારે :

આગથી નાશ પામેલ સ્ટોક ખાતે ઉ.

આગથી નુકશાન પામેલ સ્ટોક ખાતે ઉ.

તે વેપાર ખાતે (સ્ટોકની મૂળકિંમત)

(iii) આગથી નુકશાન પામેલ સ્ટોકના વેચાણ વખતે :

રોકડ / બેન્ક ખાતે ઉ. (ઉપજકિંમત)

તે આગથી નુકશાન પામેલ સ્ટોક ખાતે

(iv) દાવાને લીધે થતું નુકશાન નફા – નુકશાન ખાતે લઈ જવાય ત્યારે :

નફા – નુકશાન ખાતે ઉ.

તે આગથી નાશ પામેલ સ્ટોક ખાતે

તે આગથી નુકશાન પામેલ સ્ટોક ખાતે

(v) સ્ટોકના દાવામાં જો નફો થાય તો ન. નુ. ખાતે લઈ જવાય છે :

આગથી નાશ પામેલ સ્ટોક ખાતે ઉ. (જમાં બાકી)

આગથી નુકશાન પામેલ સ્ટોક ખાતે ઉ. (જમાં બાકી)

તે નફા – નુકશાન ખાતે (કુલ નફો)

(૩) **નફાના નુકશાનના દાવાની આમનોંધ :**

– દાવો મંજૂર થાય ત્યારે :

| | | |
|---|---|---|
| વીમા કંપની ખાતે | ઉ. | (દાવાની રકમ) |
| તે નફા – નુકશાન ખાતે | | (ચાલુ વર્ષનો નફો) |
| તે નફા – નુકશાન ઉપલક ખાતે | | (આવતા વર્ષનો નફો) |

– બીજા વર્ષે નફા – નુકશાન ઉપલક ખાતું બંધ કરવામાં આવે ત્યારે :

| | | |
|---|---|---|
| નફા –નુકશાન ઉપલક ખાતે | ઉ. | (બાકી રકમ) |
| તે નફા –નુકશાન ખાતે | | |

(૪) **આગનું નુકશાન અટકાવવા માટે કરેલ ખર્ચના દાવાની આમનોંધ :**

– ખર્ચ ચૂકવાય ત્યારે :

| | |
|---|---|
| ખર્ચ ખાતે | ઉ. |
| તે રોકડ ખાતે | |

– ખર્ચનો દાવો વીમાં કંપની મંજૂર કરે ત્યારે :

| | |
|---|---|
| વીમાં કંપની ખાતે | ઉ. |
| તે ખર્ચ ખાતે | |

ઉપરોક્ત બધા સંજોગોમાં વીમાં કંપની રકમ ચૂકવે ત્યારે :

| | |
|---|---|
| રોકડ / બેન્ક ખાતે | ઉ. |
| તે વીમા કંપની ખાતે | |